ભરત પટેલ અને વિજય ચાવડા સામે છેતરપિંડીનો આક્ષેપ; નોટિસ આપી છતાં બિલ્ડરોએ સુધારો કરવાને બદલે હાથ ઊંચા કરી દીધા

# રામા રેસીડેન્સી વિવાદ: બિલ્ડરોની 'સર્જરી' જેવી કામગીરીથી મકાનો બન્યા બિસ્માર, રહીશો આંદોલનના માર્ગે

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના દશરથ ગામ પાસે વર્ષ 2019માં નિર્માણ પામેલી 'રામા રેસીડેન્સી' હાલ વિવાદોના વમળમાં ફસાઈ છે. 10 ટાવર અને 262 મકાનો ધરાવતી આ સોસાયટીના રહીશોએ બિલ્ડરો સામે છેતરપિંડી અને પાયાની સુવિધાઓના અભાવે મોરચો માંડ્યો છે. રવિવારે સોસાયટીના રહીશોએ ભેગા મળી સૂત્રોચ્ચાર કરી બિલ્ડરો વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.



રહીશોના જણાવ્યા અનુસાર, ઘનશ્યામ ગ્રુપના બિલ્ડર ભરત પટેલ, લહેર પટેલ અને વિજય ચાવડા દ્વારા આ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો. આક્ષેપ છે કે બિલ્ડરોએ મકાન વેચતી વખતે મોટા-મોટા વાયદા કર્યા હતા, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. 7 લાખ રૂપિયાના દસ્તાવેજ સામે ગ્રાહકો પાસેથી 14 લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા હોવાનો સનસનીખેજ આક્ષેપ રહીશો કરી રહ્યા છે. રહીશોના જણાવ્યા અનુસાર, ઘનશ્યામ ગ્રુપના બિલ્ડર ભરત પટેલ અને વિજય ચાવડા દ્વારા આ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યો હતો. આક્ષેપ છે કે બિલ્ડરોએ મકાન વેચતી વખતે મોટા-મોટા વાયદા કર્યા હતા, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. 7 લાખ રૂપિયાના દસ્તાવેજ સામે ગ્રાહકો પાસેથી 14 લાખ રૂપિયા વસૂલવામાં આવ્યા હોવાનો સનસનીખેજ આક્ષેપ રહીશો કરી રહ્યા છે.

છેલ્લા કેટલાય સમયથી રહીશો બિલ્ડરોને રજૂઆત કરી રહ્યા છે. છ મહિના પહેલા વકીલ મારફતે નોટિસ પણ આપવામાં આવી હતી, જેના જવાબમાં બિલ્ડરોએ ઉલટું રહીશો પર જ બદનામ કરવાનો ખોટો આરોપ લગાવ્યો હતો. થોડા સમય પહેલા રાકેશ પટેલ નામના મધ્યસ્થી દ્વારા મીટિંગ કરવામાં આવી હતી. જેમાં રહીશોને કામ માટે માણસો લાવવા જણાવાયું હતું. પરંતુ જ્યારે રહીશો માણસો લાવ્યા, ત્યારે બિલ્ડરે "ભાવ વધારે છે" તેવું બહાનું કાઢી તેમને કાઢી મૂક્યા હતા. હવે પરિસ્થિતિ એવી છે કે છેલ્લા બે મહિનાથી બિલ્ડરો રહીશોના ફોન ઉપાડતા નથી અને સોસાયટીના પ્રમુખ તેમજ આગેવાનોના નંબર બ્લોક કરી દીધા છે.

### બિલ્ડિંગની જર્જરિત હાલત અને પાયાની સુવિધાઓનો અભાવ

માત્ર 5-6 વર્ષના ટૂંકા ગાળામાં જ તમામ મકાનો જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે. **રહીશોની મુખ્ય ફરિયાદો:** ♦લીકેજની સમસ્યા: વર્ષ 2019થી જ ટોયલેટ-બાથરૂમમાં લીકેજની ગંભીર સમસ્યા છે.♦ગંદકીનું સામ્રાજ્ય: આખી સોસાયટીની ડ્રેનેજ લાઈનો વારંવાર ઉભરાય છે, જેના કારણે રોગચાળાનો ભય ફેલાયો છે.♦સુરક્ષાનો અભાવ: ફાયર સેફ્ટીની પૂરતી સુવિધા નથી, જે રહીશોના જીવ માટે જોખમી સાબિત થઈ શકે છે.♦કોમન પ્લોટ: સોસાયટીના કોમન પ્લોટની હાલત પણ અતિશય ખરાબ છે.

કારેલીબાગમાં દારૂનો ટ્રક પકડાયો પણ...

# કોઇ કેસ 'ગાયબ'! FIR નહીં, ગુનો નહીં, માત્ર લાખોનો 'તોડ' જ ચર્ચામાં

વડોદરા શહેરમાં દારૂ પકડાય એટલે સામાન્ય રીતે પ્રેસનોટ, FIR, આરોપીઓની ધરપકડ–બધું જ નિયમ મુજબ ચાલે. ખાસ કરીને 31 ડિસેમ્બર નજીક હોય ત્યારે તો પોલીસની વોચ પણ "હાઈ અલર્ટ" પર હોય છે. પરંતુ કારેલીબાગમાં બનેલો આ બનાવ તો જાણે 'દારૂ પકડાયો પણ ગુનો થયો જ નહીં' એવી નવી જ કેટેગરી ઊભી કરે છે! સ્થાનિકો કહે છે કે પાંચેક દિવસ પહેલાં કારેલીબાગ વિસ્તારમાં હિન્દી કૃષ્ણ વિદ્યાલય સામે પોલીસ દ્વારા મોટી માત્રામાં વિદેશી દારૂ ભરેલો ટ્રક પકડાયો. લોકોની આંખે આંખે–રૂબરૂ. ટ્રક, પોલીસ, હલચલ–બધું જ હતું. પણ પછી શું? ન FIR, ન કોઈ




ઠંડા બસ્તામાં મૂકી દેવાયો? અથવા તો પોલીસના નામે કોઈએ તોડ કરી ટ્રકને 'અદૃશ્ય' કરી દીધો? વિડંબના જુઓ–નવા વર્ષ માટે બુટલેગરો સ્ટોક ભેગો કરે છે, પોલીસ વોચ રાખે પછી જવાબ એવો છે કે–જે પ્રશ્ન પૂછવો ન જોઈએ, એનો જવાબ પણ મળતો નથી. કારેલીબાગની આ ઘટના હવે માત્ર એક બનાવ નથી, પણ સિસ્ટમ પર એક વ્યંગ્યભર્યો સવાલ બની ગઈ છે.

# અક્ષર પબ્લિક સ્કૂલની મેરેથોનમાં મેનેજમેન્ટના અભાવે ધક્કામુક્કી

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં આવેલી અક્ષર પબ્લિક સ્કૂલ દ્વારા ઓપરેશન સિંદુર કિડ્સ મીની મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચાર હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મેરેથોનના અંતિમ પડાવમાં મેનેજમેન્ટના અભાવે ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા.



ભાયલીની અક્ષર પબ્લિક સ્કૂલ દ્વારા ભાયલી બ્રોડ વે એમ્પાયર પર ઓપરેશન સિંદૂર કિડ્સ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 3 થી 17 વર્ષ અને તેની ઉપરના 4,000 થી વધુ વિદ્યાર્થીઓએ ત્રણ કિલોમીટર થી 200 મીટર સુધીની દોડ લગાવી હતી. આ મેરેથોનને શહેર ભાજપ અધ્યક્ષ ડોક્ટર જયપ્રકાશ સોની દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવી હતી. જેમાં વોર્ડ નંબર નવના કાઉન્સિલર સહિત પાલિકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મેરેથોનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ દોડ લગાવી હોય અંતિમ પડાવ એટલે કે જ્યાં મેરેથોનની સમાપ્તિ થાય તે જગ્યા પર મિસ મેનેજમેન્ટ જોવા મળ્યું હતું. વિદ્યાર્થીઓ એક સાથે ભેગા થઈ જતા ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા. જેમાં કેટલાક વિદ્યાર્થીઓ ભીડમાં ફસાતા વાલીઓએ પણ ભીડમાં ઘૂસવું પડ્યું હતું.

# શહેરમાં ITF 200 દ્વારા માન્યતા પ્રાપ્ત આંતરરાષ્ટ્રીય ટેનિસ ટૂર્નામેન્ટનો આરંભ




(પ્રતિનિધિ) વડોદરા, તા.11

ગાયકવાડ ગોલ્ફ ક્લબ ખાતે આયોજિત આ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન શ્રીમંત મહારાજા સમરજીતસિંહ ગાયકવાડ તથા ડો. જયપ્રકાશ સોની (પ્રમુખ, વડોદરા ભા.જ.પા) ના કરકમળે કરવામાં આવ્યું હતું સવારે 8:30 વાગ્યે યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં રમતગમત જગતના અગ્રણીઓ, આમંત્રિત મહેમાનો, ખેલાડીઓ અને ટેનિસપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે માસ્ટર્સ કેટેગરીમાં ટૂર્નામેન્ટને નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે, જેમાં ભારતના વિવિધ રાજ્યો ઉપરાંત વિદેશી ખેલાડીઓ સહિત અંદાજે 300 જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ટૂર્નામેન્ટના બીજા દિવસે મુખ્ય દંડક ગુજરાત વિધાનસભા શ્રી બાલુભાઈ શુક્લ તથા વડોદરા મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી ચિરાગભાઈ બારોટ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ટૂર્નામેન્ટના આયોજક ડૉ. વિજય શાહે જણાવ્યું હતું કે, આવા આંતરરાષ્ટ્રીય સ્તરના આયોજનથી યુવા ખેલાડીઓને ગુણવત્તાયુક્ત સ્પર્ધાનો અનુભવ મળશે અને વડોદરા શહેર રમતગમતના ક્ષેત્રે નવી ઓળખ સ્થાપિત કરશે.

ચાલુ કારમાં મોબાઈલનો ઉપયોગ કરવો ચાલકને ભારે પડ્યો

# કારચાલકનો સ્ટેરીંગ પરનો કાબુ જતા જેતલપુર બ્રિજ પર અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. વડોદરા શહેરના જેતલપુર બ્રિજ પર ચાલક ચાલુ કારે મોબાઈલનો ઉપયોગ કરતો હતો તે દરમિયાન મોબાઈલ કારમા પડી ગયો હતો. મોબાઈલ ઉઠાવવા જતા તેઓએ સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. જેથી કાર સામેથી અન્ય કાર સાથે અથડાઈ ગઈ હતી અને અકસ્માત સર્જાયો હતો. બંને કારના ચાલકને ઈજા પહોંચી હતી.



અકસ્માતને પગલે સામાન્ય ટ્રાફિકજામ પણ સર્જાયો હતો. વડોદરા શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી અકસ્માતો એ જાણે માઝા મૂકી હોય તેમ ઉપરાંત છાપરી એકસીડન્ટના બનાવો બનતા રહે છે. જેમાં ઘણા લોકો મોતને પેટે છે તો કેટલાક ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે ખસેડવા પડે છે. અત્યારે વધુ એક અકસ્માત ની ઘટના સામે આવી છે. જેમાં એવી વિગત છે કે વડોદરા શહેરના જેતલપુર બ્રિજ પર 20 ડિસેમ્બર ના રોજ રાત્રિના સમયે એક ચાલક ચાલુ કારમાં પડી ગયેલો મોબાઈલ લેવા માટે ગયો હતો ત્યારે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ત્યારે સામેથી આવતી કાર સાથે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતના બનાવમાં કાર ચાલક સહિત બે વ્યક્તિઓને ઈજા પહોંચી છે. અકસ્માતના પગલે રોડ ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. જેથી ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે ખસેડ્યા હતા. ત્યારે ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો છે.

હરિદ્વાર ખાતે દેશનો સૌથી મોટો આયુર્વેદિક મહોત્સવ શરૂ

# વૈદ્ય દત્તાત્રય પંડયા કેન્સરના આયુર્વેદિક ઉપચાર વિશે માહિતી આપશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

હરિદ્વાર ખાતે આવેલા પ્રેમનગર આશ્રામમાં તારીખ ૨૧ થી ૨૩ ડિસેમ્બરના રોજ દેશનો સૌથી મોટો આયુર્વેદિક મહોત્સવ આયુર્વેદ મહાકુંભ યોજાવા જઈ રહ્યો છે. આ ત્રણ દિવસીય મહોત્સવમાં દેશ-વિદેશમાંથી ૨૦,૦૦૦થી વધુ વૈદ્યો, સંશોધકો, આયુર્વેદ વિદ્યાર્થીઓ તેમજ આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતો હાજરી આપશે, જેથી હરિદ્વાર આયુર્વેદિક જ્ઞાનનું વૈશ્વિક કેન્દ્ર બનશે. આ આયુર્વેદ મહાકુંભમાં આયુર્વેદાચાર્ય તથા પંચકર્મ વિશેષજ્ઞ વૈદ્ય દત્તાત્રય પંડયા (નક્ષત્ર આયુર્વેદમ) કેન્સર જેવા ગંભીર અને જીવલેણ રોગના આયુર્વેદિક ઉપચાર વિષય પર વિશેષ વ્યાખ્યાન આપશે. તેઓ તેમના ૧૬ વર્ષના ચિકિત્સક અનુભવના આધારે કેન્સરની આયુર્વેદિક સમજ, દોષ-ધાતુના અસંતુલન તથા આધુનિક સારવાર સાથે



આયુર્વેદની સહાયક ભૂમિકા અંગે યુવા વૈદ્યોને માર્ગદર્શન આપશે.

વૈદ્ય પંડયાના જણાવ્યા અનુસાર આયુર્વેદમાં રસાયણ ચિકિત્સા, સુવર્ણ ભસ્મ, હીરક ભસ્મ અને સુવર્ણ આધારિત કલ્પો દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારી શકાય છે, જેના કારણે દર્દીના દેહબળમાં વધારો થાય છે અને જીવનની ગુણવત્તા સુધરે છે. વ્યાખ્યાન દરમિયાન ક્લિનિકલ અનુભવ આધારિત કેસ સ્ટડીઝ પણ રજૂ કરવામાં આવશે.

નોંધનીય છે કે વૈદ્ય દત્તાત્રય પંડયાએ સાત્વિક આયુર્વેદિક તથા પંચકર્મ સારવારથી હજારો કેન્સર દર્દીઓને આશા અને સ્વાસ્થ્ય પ્રદાન કરી રાષ્ટ્રીય સ્તરે વિશેષ ઓળખ મેળવી છે.

રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશન દ્વારા ભારતભરમાં શાખાઓ કાર્યરત

# 244 શાખાઓ દ્વારા રૂ. 1570.08 કરોડના સેવાકીય કાર્યો હાથ ધરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશન દ્વારા ભારતભરમાં ૨૪૪ શાખાઓ મારફતે રૂ. ૧૫૭૦.૦૮ કરોડના સેવાકીય કાર્યો રામકૃષ્ણ મિશનના મહાસચિવ સ્વામી સુવીરાનંદજીએ વર્ષ ૨૦૨૪-૨૫ની કામગીરી અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનની ભારતભરમાં આવેલી ૨૪૪ શાખાઓ દ્વારા કુલ રૂ. ૧૫૭૦.૦૮ કરોડના સેવાકીય કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા. આ સેવાકીય કાર્યોમાં શિક્ષણ ક્ષેત્રે રૂ. ૭૪૩.૧૭ કરોડ, આરોગ્ય ક્ષેત્રે રૂ. ૫૦૦.૫૪ કરોડ, રાહત અને પુનર્વસન ક્ષેત્રે રૂ. ૧૧.૫૮ કરોડ તેમજ સામાન્ય કલ્યાણ માટે રૂ. ૪૨.૮૮ કરોડ અને ગ્રામ્ય તથા આદિવાસી સેવા માટે રૂ. ૨૯.૩૪ કરોડનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિઓથી દેશભરમાં અંદાજે ૨૨૨.૦૭ લાખ લોકોને સીધો લાભ મળ્યો હતો. સ્વામી સુવીરાનંદજીએ વધુમાં જણાવ્યું



હતું કે, રામકૃષ્ણ મઠ અને મિશનની નવી શાખાઓ શરૂ કરવામાં આવી રહી છે, જેમાં ગુજરાતના આદિપૂર ખાતે નવી શાખાનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલા "રાષ્ટ્રીય કુદરતી ખેતી મિશન" અંતર્ગત પાંચ સંસ્થાઓમાં એક "નેચરલ ફાર્મિંગ સેન્ટર" તરીકે રામકૃષ્ણ મિશનને રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે. ઉપરાંત, શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NIRF રેન્કિંગમાં રામકૃષ્ણ મિશન સંચાલિત અનેક કોલેજોએ નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે.

# ગણેશપૂરા ખાતે હરિપ્રબોધમ ધામમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

હિંદુ સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે હરિપ્રસાદ સ્વામીજીએ કરેલા યુગકાર્યને પ્રગટ ગુરૂહરિ પ્રબોધજીવન સ્વામીજી પોતાની તપશ્ચર્યા, સેવાભાવ અને સુહૃદ વિચારધારાથી આગળ વધારી રહ્યા છે. તેમના માર્ગદર્શનથી આજે દેશ-વિદેશમાં લાખો ભક્તો નિર્વ્યસની, ચારિત્ર્યવાન જીવન જીવી સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. યુવા વિકાસ, મહિલા સશક્તિકરણ, સ્વદેશી વિચાર અને સ્વાવલંબી ભારતના નિર્માણમાં પણ હરિપ્રબોધમ પરિવાર યોગદાન આપી રહ્યો છે.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે માનનીય મંત્રી રમણભાઈ સોલંકીએ પ્રાસંગિક ઉદબોધનમાં સુહૃદજીવન સ્વામી અને સુચેતન સ્વામીજીએ પ્રગટ ગુરૂહરિ પ્રબોધજીવન સ્વામીજીની જીવનભાવના સમજાવી અને વૃક્ષ, પાણી તથા કુદરતી સંસાધનોના જતન દ્વારા સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યેના તેમના સુહૃદભાવનું વર્ણન કર્યું હતું. વૃક્ષારોપણ કરી વૃક્ષો, પાણી અને જમીનના સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. ભાવિ પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. હરિપ્રબોધમ પરિવારના સંતો સુહૃદજીવન સ્વામી, ગુરુપ્રસાદ સ્વામી અને પૂ. સુચેતન સ્વામી સાથે પર્યાવરણ જતન અને હરિત ભારતના સંકલ્પ સાથે ગણેશપૂરા ખાતે હરિપ્રબોધમ ધામમાં વૃક્ષારોપણમાં સંતો, અનેક ભાવિક ભક્તો જોડાયા હતા. જિલ્લા યુવા મોરચા પ્રમુખ દર્શનભાઈ બ્રહ્મભટ્ટ, ગીતાબેન દેસાઈ ડેપ્યુટી કલેક્ટર તથા જિલ્લા પુરવઠા અધિકારી, અન્ય હોદ્દેદારો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ભગવતજીને આધ્યાત્મિક જીવનનું શિરોમણિ ગ્રંથ માનવામાં આવે છે

# ગ્લોબલ હિન્દુ પ્રેરણા મહોત્સવમાં દબદબાભેર શોભાયાત્રાનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા ખાતે આયોજિત ભગવત કથા ના પાવન પ્રારંભ દિવસે વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારે શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દિવ્ય તત્ત્વ અને તેના જીવનોપયોગી અર્થનું અત્યંત ગહન અને હૃદયસ્પર્શી વિવેચન કર્યું હતું. કથાના આરંભમાં "ભગવત" શબ્દનું મહત્વ સમજાવતા જણાવ્યું કે ભગવત માત્ર એક ગ્રંથ નથી, પરંતુ માનવ જીવનને યોગ્ય દિશા આપતું દિવ્ય માર્ગદર્શન છે. તેમણે જણાવ્યું કે ભગવત શબ્દના દરેક અક્ષર પાછળ ઊંડો આધ્યાત્મિક અર્થ રહેલો છે –

ભ એટલે ભક્તિ, ગ એટલે જ્ઞાન, વ એટલે વૈરાગ્ય, અને ત એટલે તપ. આ ચાર તત્ત્વો માનવ જીવનને શુદ્ધ, સંતુલિત અને સાત્વિક બનાવે છે. શ્રીમદ્ ભાગવતજી ભગવાન શ્રી કૃષ્ણનું વાંગમય સ્વરૂપ છે. ભગવાન શ્રી કૃષ્ણ જેમ પોતાની લીલાઓ દ્વારા ભક્તોને જીવનનો માર્ગ બતાવે છે,



તેમ ભગવતજી શબ્દ, ભાવ અને તત્ત્વ દ્વારા માનવ જીવનને સાચી દિશા આપે છે. જીવનમાં આવતા સંઘર્ષ, સમસ્યાઓ અને વ્યક્તિના જુદા જુદા સ્વભાવની કસોટી વચ્ચે સેવા, સત્સંગ અને ભગવાનમાં પૂર્ણ સમર્પણ એ સૌથી શ્રેષ્ઠ ઔષધિ છે, જે માનવને સંતોષ, સદભાવ અને સદાનંદ ની પ્રાપ્તિ કરાવે છે. વધુમાં જણાવ્યું કે શ્રીમદ્ ભાગવત મહાપુરાણ સર્વ વેદોના સારરૂપ ગ્રંથ છે. વેદોમાં જે તત્ત્વો વિશાળ સ્વરૂપે વર્ણવાયેલા છે, તે ભગવતજીમાં સરળ, રસસભર અને હૃદયસ્પર્શી રીતે પ્રગટ થાય છે.

લોન નહી થતા કમિશન પેટે લીધેલા રૂ.25 લાખમાંથી માત્ર 2.50 લાખ પરત કર્યાં

# વૃદ્ધ કંપની સંચાલકને 300 કરોડની લોન અપાવવાનુ કહીને મહાઠગ માતા પુત્રે રૂ.22.50 લાખ પડાવ્યાં

મહારાષ્ટ્રના વૃદ્ધ સોલાર પ્રોજેક્ટ તથા ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ માટે રૂપિયાની જરૂર હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

મૂળ વાપીના અને હાલમાં મહારાષ્ટ્ર માં રહેતા વૃદ્ધ (ઉં.વ.71)એ ડીસીબી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છેકે હુ દીકરા સાથે મળીને વાપી-વલસાડ ખાતે હિરેન એન્ટરપ્રાઇઝ નામની કેમિકલ મેન્યુફેક્ચરીંગ કંપની ચલાવીએ છીએ. વર્ષ 2021માં સમયગાળા દરમિયાન મારી રાધીકા ઈન્ટરમીડીએસ્ટ નામની કંપની વાપી જીઆઈડીસી વલસાડ ખાતે છે. ત્યારે કંપનીમા સોલાર પ્રોજેક્ટ તથા ગ્રીન હાઈડ્રોજનના પ્લાન્ટ ઉભા કરવા માટે નાણાની જરૂરીયાત હતી. જેથી મે મારા મિત્ર ગીરીશ શુક્લાજી પાસે મારી રાધીકા ઈન્ટરમીડીએસ્ટ કંપનીના પ્રોજેકટ ઉભા કરવા માટે નાણાની જરૂરીયાત માટેની વાત કરવા માટે ગયો હતો. ત્યારે તેમણે વડોદરામાં સીગ્નેટ હબ કોમ્પલેક્ષમાં નયના મહીડા સહયોગ ફાઈનાન્સીયલ સર્વીસ નામથી ઓફીસ ચલાવે છે. તેઓ લોન કરી આપશે. મારી કંપનીના પ્રોજેક્ટ માટે નાણાની ખુબ જ જરૂરીયાત હોય હુ નયના મહીડાની સહયોગ ફાઈનાન્સીયલ સર્વીસની ઓફીસ અક્ષર ચોક ખાતે આવ્યો હતો. ત્યાં નયના મહીડા તથા તેમના દીકરા આકાશ મહીડાને કંપનીમાં સોલાર પ્રોજેક્ટ તથા ગ્રીન હાઈડ્રોજનના પ્લાન્ટ ઉભા કરવા નાણાની જરૂરીયાત છે. નયનાબેન મહીડાએ તેઓ ઘણા સમયથી લોન એજન્ટ તરીકેનુ કામ કરવા સાથે સહયોગ ફાઈનાન્સીયલ સર્વિસ નામની પેઢીથી અમને જેટલા રુપીયાની લોન જરૂર હશે એટલા તમને મળી જશે તેમ જણાવ્યુ હતું. નયનાબેન તથા તેના દીકરા આકાશ મહીડાને અમારે 300 કરોડની બીઝનેસ લોનની જરૂરીયાત છે. તેવી વાત કરતા તેમણે જો તમારે ૩૦૦ કરોડની લોન કરાવવી હશે તો અમે તમને 4 ટકા વ્યાજના દરથી લોન મંજુર કરાવી આપીશું. તમારે અમને લોન એજન્ટ તરીકેનુ રુપીયા 30 લાખ કમિશન આપવું પડશે. પરંતુ કોઈ લોન નહી કરાવી આપતા તેમની પાસે મે રૂપિયા પરત માગતા તેમણે માત્ર 2.50 લાખ પરત આપ્યાં હતા. જ્યારે બાકીના 22.50 લાખ લેવામાટે વારંવાર ફોન કરવા છતાં માતા પુત્રે ઉપાડતા ન હતા. જેથી ડીસીબી પોલીસે કંપની સંચાલકની ફરિયાદના આધારે નયના મહિડા તથા આકાશ મહિડા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

પરમાર ફળિયામાં રહેતો શખ્સ પોશ ડોડાનું છુટકમાં વેચાણ કરતો હોય પોલીસે રેડ કરી

# અનગઢ ગામમાંથી નશાયુક્ત પોશ ડોડા સાથે એક શખ્સ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા જિલ્લાના અગડઢ ગામે આવેલા પરમાર ફળિયામાં નંદેસરી પોલીસે રેડી કરીને રૂપિયા 66 હજારના પોશ ડોડા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોતાના રહેણાક મકાન પાસેથી નશાયુક્ત પોશ ડોડાનું વેચાણ કરતો હોય પોલીસે રેડ કરી હતી. વડદોરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ગાંજા અને એમડી સહિતના નશીલા પદાર્થોની હેરાફેરી તથા વેપલો પણ થતો રહેતો હોય છે. ત્યારે પોલીસ દ્વારા આવા નશાલી પદાર્થોનું વેચાણ કરનાર શખ્સો સામે




એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવે છે.

ત્યારે નંદેસરી પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહી હતી. ત્યારે બાતમી મળી હતી કે એએસઆઇ ગજેન્દ્રસિંહને બાતમી મળી હતી કે અનગઢ ગામના બસ સ્ટેન્ડ પાસે પરમાર પળિયાં રહેતા ચંદુ સામંત પરમાર પોતાના રહેણાક મકાનની બહાર વનસ્પતિ જન્ય પોષ ડોડાનું ગેરકાયદે વેચાણ કરે છે.

જેના ધારે પોલીસે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી. ત્યારે પરમાર ફળિયામાંથ ચંદુ સામંત પરમાર ઝડપાઇ ગયો હતો તેની અંગજડતી કરવા સાથે ઘરમાં તપાસ કરી હતી ત્યારે તેની 66 હજાર વનસ્પતિ જન્ય પોશ અને મોબાઈલ સહિત રૂપિયા 67 હજારનો મુદ્દમાલ કબજે કરવામાં આવ્યો છે. જેથી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરાઈ છે.